# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની વિજ્ઞાન પ્રવાહની તમામ શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ અને વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માર્ચ-૨૦૧૯ ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ઓનલાઇન તારીખ-૨૫/૧૦/૨૦૧૮ થી તારીખ-૨૩/૧૧/૨૦૧૮ ના રોજ સાંજે ૫ કલાક સુધી બોર્ડની વેબસાઇટ **gseb.org** અથવા **hscsciexamreg.gseb.org** પરથી ભરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લઇ સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા જણાવવામાં આવે છે. વિજ્ઞાનપ્રવાહના નિયમીત, વર્ષ-૨૦૧૮ ના રીપીટર અને સેમેસ્ટર સીસ્ટમના ૧ થી ૪ સેમેસ્ટરના અંતે ૧૩૨ ગુણ ન મેળવવાના કારણે અનુત્તિર્ણ થયેલ(રીપીટર) વિદ્યાર્થીઓના આવેદનપત્રો ફરજીયાત ઓનલાઇન ભરવાના રહેશે. સેમેસ્ટર પધ્ધતિના સેમેસ્ટર ૧, ૨, ૩ અને ૪ પૈકી કોઇપણ વિષય/વિષયોમાં ગેરહાજર રહેલ અથવા UFM થયેલ ઉમેદવારોના આવેદનપત્રો ઓફલાઇન ભરી બોર્ડની કચેરી પર રૂબરૂ જમા કરાવવાના રહેશે જેની જરૂરી વિગતો બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે.

**વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર પધ્ધતિના ઉમેદવારો માટે પરીક્ષા આપવા માટેની આ તક આખરી રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.**

સહી/-
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**સ્થળ**: ગાંધીનગર
**તારીખ**: ૨૫/૧૦/૨૦૧૮